# બાયડમાં ધવલસિંહ ઝાલાના ઘરમાં ગાબડું પાડતી કોંગ્રેસ

બાયડ, તા. ૧૯

બાયડ વિધાનસભા બેઠક પેટા ચૂંટણીમાં બેઠક જીતવા બંને મુખ્ય પક્ષો વચ્ચે શામ દામ દંડ ભેદની નીતિ અપનાવી ચૂંટણીજંગ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. બાયડ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલાના પિતરાઈ ભાઈ વિક્રમસિંહ ઝાલા પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં કોંગ્રેસમાં જોડાતા ભાજપમાં ભારે હડકંપ મચ્યો હતો. ઠાકોર સેનાના પૂર્વ અધ્યક્ષ સહીત ૭૦ જેટલા ઠાકોરસેનાના કાર્યકરોએ પંજાનો સાથ પકડતા રાજકીય ગરમાવો આવી ગયો છે. ધવલસિંહ ઝાલાના પિતરાઈ ભાઈ વિક્રમસિંહ ઝાલાએ ધવલસિંહ ઝાલાએ સમાજને છોડ્યો હોવાથી હું તેમની સાથે રહેવાના બદલે કોંગ્રેસમાં જોડાયો હોવાનું જણાવ્યું હતું.

બાયડ વિધાનસભાની ચૂંટણી આડે હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલા દિવસો બાકી રહ્યા છે. ત્યારે બંને મુખ્ય પક્ષો ભાજપ કોંગ્રેસમાં ચૂંટણી પહેલા આયારામ ગયારામ જેવી સ્થિતિ નિર્માણ પામી છે. તાજેતરમાં એનસીપી, કોંગ્રેસનાં કાર્યકરો ભાજપમાં જોડાયા બાદ સામે કોંગ્રેસ પણ જીત હાંસલ કરવા ભાજપમાં ગાબડાં પાડવાનું શરૂ કર્યું છે.

ભાજપ-કોંગ્રેસ માટે અસ્તિત્વ માટેનો જંગ બનેલી બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીમાં વિજય પતાકા લહેરાવવા મોટા ગજાના નેતાઓને મેદાને ઊતાર્યા છે. બાયડ વિધાનસભા ચૂંટણી તેની પરાકાષ્ઠા તરફ જઈ રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ પોતાની જીતના દાવા પાકા કરવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ પોતાના મંત્રીઓને દોડાવી રહી છે ત્યારે કોંગ્રેસ પણ જીલ્લા કક્ષાના રાષ્ટ્રીય નેતાઓને મેદાનમાં ઉતારી રહી છે.

બાયડ ખાતે કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલના સમર્થનમાં યોજાયેલ જન આશીર્વાદ સંમેલનમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં ધવલસિંહના પિતરાઈ ભાઈ વિક્રમસિંહ ઝાલા તેમજ ઠાકોર સેનાના પૂર્વ જીલ્લા અધ્યક્ષ સહીત ઠાકોર સેનાના ૭૦થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. વિક્રમસિંહ ઝાલા ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં જોડાતાં સન્નાટો છવાયો હતો. કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલ દ્વારા એડીચોટીનું જોર લગાવી પોતાના જીતનો દાવો પાકો કરવાનો પ્રયાશ કરી રહ્યા છે.

અરવલ્લીની બાયડ વિધાનસભાની પેટાચૂંટણીને લઈને કોંગ્રેસની પ્રચાર સભા યોજાઈ હતી. કોંગ્રેસે હવે આખરી દિવસના પ્રચાર દરમ્યાન હવે ઠાકોર કાર્ડ ખોલ્યુ હતુ. ઠાકોર સેનાના નેતા રહી ચુકેલા ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલા સામે કોંગ્રેસે આખરે ક્ષત્રીય કાર્ડ ખેલીને ચૂંટણી જંગ જીતવા કમર કસી હતી.

બાયડની પેટાચૂંટણી દરમ્યાન હવે કોંગ્રેસે ઠાકોર કાર્ડ ખોલવાનો આખરી દાવ અજમાવ્યો હતો. ઠાકોર સમાજને પ્રભાવિત કરવા માટે કોંગ્રેસે બાયડમાં પ્રચાર સભા દરમ્યાન કોંગ્રેસના દિગ્ગજ ઠાકોર અને ક્ષત્રીય નેતાઓની સભા યોજીને ઠાકોર સમાજને પ્રભાવિત કરતો આખરી દાવ પણ અજમાવતી કમર કસી હતી. બાયડ વિધાનસત્રા ક્ષેત્રએ ઠાકોર પ્રભાવિત વિસ્તાર માનવામાં આવે છે અને જ્યાં સવા લાખ જેટલા ઠાકોર મતદારો હોવાને લઈને ઠાકોર સમાજના ગણીતને અંકે કરવા માટે કોંગ્રેસે એડીચોટીનુ જોર લગાવ્યુ છે. એ દરમ્યાન કોંગ્રેસે ઠાકોર કાર્ડને ખુલ્લુ મુક્યુ હતુ. ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલાના પિતરાઈ ભાઈ વિક્રમસિંહ ઝાલા તેમજ ઠાકોર સેનાના પુર્વ જિલ્લા અધ્યક્ષ અને ઠાકોર સેના અને સમાજના સીત્તેર જેટલા લોકોને કોંગ્રેસનો ખેસ પહેરાવીને આવકાર્યા હતા. આમ એક સમયના ઠાકોર સેનાના આગેવાન ગણાતા ધવલસિંહ ઝાલા સામે હવે ઠાકોરનુ જ ગણિત કોંગ્રેસે માંડવાનો પ્રયાસ કર્યો હતો.






## કાંકરોલ સ્વામીનારાયણ મંદિર ખાતે આજે કિસાન પખવાડીયા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૯

આજરોજ બેન્ક ઓફ બરોડા દ્વારા કિસાન પખવાડા કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે વિશાળ ખેડૂત મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ખેડૂત ધિરાણ કેમ્પ અને મફત ખેડૂત સ્વાથ્ય નિરીક્ષણ કેમ્પ તેમજ નુક્કડ નાટક દ્વારા બેન્ક ઓફ બરોડાની વિવિધ યોજનાઓ વિષેની માહિતી આપવાનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના ઝોનલ મેનેજર શ્રીમતી અર્ચના પાંડે હેડ ઓફિસથી આમંત્રિત મહેમાનોમાં જી.કે. પાનેરી જનરલ મેનેજર બેન્ક ઓફ બરોડા તેમજ પી.કે. ભાર્ગવ ડેપ્યુટી જનરલ મેનેજર હાજર રહેલ હતા. કાર્યક્રમમાં ગ્રાહકો માટે કૃષિ ધિરાણને લગતી સુવિધાઓ સરળ અને અનુકુળ બનાવાનો હતો. કાર્યક્રમ દરમ્યાન જિલ્લાના ખેતીવાડી શાખાને લગતા



સરકારી અધિકારીઓ જેઓને જિલ્લામાં ખેતીના વિકાસ માટે મહત્વનું યોગદાન આપેલ હતું તેમનું બહુમાન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ધિરાણ શિબિરમાં કુલ ૯૫૮લાભાર્થીઓને કુલ ૬૬કરોડ રૂપિયાની લોનની મંજૂરી આપવામાં આવી. આ કાયક્રમનું આયોજન બેન્ક ઓફ બરોડાના ક્ષેત્રીય કાર્યાલય સાબરકાંઠાના રિજિયોનલ મેનેજર વી.સી. ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલ હતું.

## બનાસડેરીના દૂધ ઉત્પાદકોને દિવાળી પૂર્વે દૂધનું એડવાન્સ પેમેન્ટ થશે

જિલ્લાના દૂધ ઉત્પાદકો દિવાળી અને નવા વર્ષના તહેવારો આનંદ ઉલ્લાસથી ઉજવી શકે તે માટે આ મહિને દૂધ ઉત્પાદકોને તેમના દૂધનું પેમેન્ટ દિવાળી પૂર્વે કરવાનો નિર્ણય ચેરમેન શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળે લીધેલ છે. તે અનુસાર ૨૪ ઓક્ટોબર સુધીમાં દૂધ ઉત્પાદકોને પેમેન્ટ મળી જાય તે પ્રમાણેની સૂચનાઓ જારી કરવામાં આવી છે. તે જ પ્રમાણે ડેરીના કર્મચારીઓને પણ દિવાળી પૂર્વે તારીખ ૨૪ ઓક્ટોબરે પગાર મળે તે માટેનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. બનાસડેરીના દૂધ ઉત્પાદકો માટે એડવાન્સ પેમેન્ટના આવકારદાયક નિર્ણયથી જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં આનંદની લાગણી છવાઈ છે.

# હિંમતનગરમાં ડેન્ગ્યુનો હાહાકાર : એક જ દિવસમાં ૬ કેસ

હિંતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રી બાદ ડેન્ગ્યુના રોગે માથુ ઉંચક્યુ છે. ત્યારે છેલ્લા ૧૫ દિવસમાં જિલ્લામાં અંદાજે ૧૪થી વધુ લોકો ડેન્ગ્યુના ભરડામાં સપડાયા હોવાથી તેમને સારવાર લેવાની ફરજ પડી હતી. દરમ્યાન શનિવારે એક જ દિવસમાં એકલા હિંમતનગરમાં ડેન્ગ્યુના ૬ નવા કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. જોકે આરોગ્ય વિભાગે શહેરમાં એન્ટી લારવેલની કામગીરી શરૂ કરીને મચ્છરોના અતિક્રમણને રોકવાની કામગીરી શરૂ કરી દીધી છે.

આ અંગેની વિગત એવી છે કે જિલ્લામાં નવરાત્રી બાદ ઠંડીનું પ્રમાણ ધીરે ધીરે વધી રહ્યું છે. પરંતુ ચોમાસાને લીધે થયેલા મચ્છરોના ઉપદ્રવને કારણે કેટલાક મચ્છરો હજુ સુધી જીવીત હોવાને લીધે લોકોને કરડી રહ્યા છે. જે પૈકી કેટલાક મચ્છરો કરડવાથી વ્યક્તિને શરૂઆતમાં ઝીણો તાવ આવે છે. અને કાળજી રાખવામાં ન આવે તો તે તાવ ખુબજ ઘાતક નીવડે છે અને લોહીના કાઉન્ટ પણ ઘટી જાય છે જેના લીધે તાવ આવનાર વ્યક્તિમાં ડેન્ગ્યુના લક્ષણો દેખાવાની શરૂઆત થઈ જાય છે.

દરમ્યાન હિંમતનગરના મહાવીરનગરમાં અને અન્ય વિસ્તારોમાં રહેતા ત્રણ સ્ત્રીઓ અને ત્રણ મહિલાઓ ડેન્ગ્યુના રોગના શિકાર બનતા તેમને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવી પડી છે. પરીવારજનોના જણાવાયા મુજબ તેમની તબિયત સુધારા પર હોવાનો દાવો કરાયો છે. આ ઉપરાંત સુત્રોનુ માનીએ તો હિંમતનગર, પ્રાંતિજ, ઈડર સહીતના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી ડેન્ગ્યુએ ભરડો લેતા તેનો ભોગ બનેલા દર્દીઓને સ્થાનિક તબીબો પાસે સારવાર લેવાની ફરજ પડી હતી.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ડેન્ગ્યુના કેસની સંખ્યા ૧૪ થી વધુ થવા જાય છે. જ્યારે ઓક્ટોબર મહિનામાં ફક્ત હિંમતનગરમાં ડેન્ગ્યુના ૬ કેસ નોંધાયા છે. જોકે તે દર્દીઓએ સમયસર ખાનગી તબીબો પાસે સારવાર લેતા તમામની તબિયત સુધારા પર છે. ડેન્ગ્યુનો રોગચાળો વધુ ન વકરે તે માટે હિંતમનગરમાં જે સ્થળે બાંધકામ સાઈટો ચાલતી હશે તેવા સ્થળે આરોગ્ય વિભાગના કર્મચારીઓ સ્થળ મુલાકાત લઈ એન્ટી લારવેલની કામગીરી કરીને મચ્છરોનો નાશ કરશે.

## પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહભાઈની આગેવાનીમાં પદયાત્રા સાથે ચૂંટણીના પ્રચાર પડધમ શાંત

બાયડ, તા. ૧૯

આવતીકાલે સોમવારે ૨૧મીએ યોજાનાર બાયડ વિધાનસભા પેટા ચૂંટણીના પડધમ શનિવારે સાંજના પાંચ વાગ્યાથી શાંત થઈ ગયા છે. સોમવારે મતદાન પછી ૨૪મીને ગુરૂવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરી હાથ ધરાશે. બાયડની આ પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો રસ્સાકસીભર્યો જંગ છે. જેમાં સમગ્ર ચૂંટણી દરમિયાન કોંગ્રેસ-ભાજપના પ્રદેશ પ્રમુખોથી માડી રાજ્ય સ્તરના નેતાઓ, જિલ્લા કક્ષાના આગેવાનો, જિલ્લા સંગઠનના પ્રમુખોથી માડી બન્ને પક્ષોના કાર્યકરો દ્વારા પ્રચાર હાથ ધરાયો હતો.

જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર પ્રભુદાસભાઈ પટેલે જણાવ્યું કે ભારતીય જનતા પક્ષ દ્વારા બુથ-બુથ સુધી, ટોર ટુ ડોર, ઘરેઘર લોક સંપર્ક, જિલ્લા પંચાયતો દીઠ સમેલનો, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, કેબિનેટ જયેશભાઈ રાદડીયા, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપના પ્રમુખ રણવીસિંહ ડાભી અને મહામંત્રી શામળભાઈ પટેલ,



સહકારી આગેવાનોની ઉપસ્થિતિમાં બે સહકાર સંમેલનો યોજવામાં આવ્યા હતા.

અરવલ્લી, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના ભાજપના ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, સંગઠનના પ્રમુખ-મંત્રીઓ સહિત આગેવાનો પણ બાયડ પેટા ચૂંટણીમાં પોતાને સોપાયેલ જવાબદારી સાજન વહન કરી ચૂંટણીના પડધમ શાંત થવા સુધી સતત પ્રચારમાં રહ્યા હતા. દરમિયાન શુક્રવારે ડેમાઈમાં પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણની આગેવાનીમાં ભાજપના ધ્વજ સાથે પદયાત્રા યોજાતા ડેમાઈ સરપંચ મહેશભાઈ પટેલ સહિત આગેવાનો, કાર્યકરો જોડાયા હતા.

## સગીરાને ભગાડી જવાના ગુન્હામાં ઉંટરડાના શખ્સને ત્રણ વર્ષની કેદ

હિંમતનગર, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના ઉંટરડા ગામના રાજેશસિંહ સગીરાને એક વર્ષ અગાઉ ભગાડી ગયો હતો. સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સજા ફટકારી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઉંટરડાનો રાજેશસિંહ ઉર્ફે રાજેશકુમાર ભવાનસિંહ ઝાલા ગત તા. ૨૩ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ સાગપુર ગામેથી ૧૪ વર્ષની સગીરાને લગ્ન કરવાની લાલચે ભગાડી ગયો હતો અને શારીરિક અડપલા કરી ગુન્હો કર્યો હતો. આ સંદર્ભે પોસ્કો એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો. સાબરકાંઠા જિલ્લાના સેશન્સ જજ એન.પી. ચૌધરીની કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. ફરીયાદી પક્ષે સરકારી વકીલ અરવિંદ જે. પટેલે દલીલો રજૂ કરી હતી તથા પૂરાવા રજૂ કર્યા હતા. આ કેસમાં આરોપો સિદ્ધ થતાં આરોપીને ત્રણ વર્ષની સજા થઈ છે.

## લીલછા રચના વિદ્યાલયમાં વય નિવૃત્ત ક્લાર્કનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા તાલુકાના લીલછા ગામની શ્રી રામકૃષ્ણ એજ્યુકેશન ટ્રસ્ટ ધ્વારા સંચાલિત શ્રી રચના વિદ્યાલયમાં ક્લાર્ક તરીકે ફરજ



બજાવતા વય નિવૃત્ત પ્રહલાદભાઈ પટેલનો વિદાય સમારંભ યોજાયો હતો. શ્રી રામકૃષ્ણ એજ્યુકેશન ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી, વેજપુર ગ્રૂપ ગ્રામ પંચાયત, પુર્વ સરપંચ ઉષાબેન બરંડા, પુર્વ પ્રમુખ, તાલુકા પંચાયત, અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચો પ્રમુખ અમરતભાઈ બરંડા, સચિનભાઈ બરંડા, હેમલત્તાબેન બરંડા, સુરપાલસિંહ સિસોદીયા, નિલેશભાઈ પ્રજાપતિ, ક્રિષ્ણાબેન પટેલ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વય નિવૃત્ત ક્લાર્કએ વર્ષો સુધી શ્રેષ્ઠ કામગીરી બદલ બિરદાવી શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માનભેર વિદાય આપી તે દરમ્યાન સૌ-કોઈએ દીર્ઘાયુ જીવન સુખમય નિવડે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## ડીસામાં મોડી રાતે ફૂડ વિભાગના ફરી દરોડા : તહેવારો નજીક આવતા

# ડુપ્લીકેટ ઘી અને તેલની ફેકટરીઓમાં તપાસનો ધમધમાટ



તેલના ૩૯ ડબ્બા ચકાસણી અર્થે સિઝ કર્યા

ડીસા

બનાસકાંઠાના વેપારી મથક ડીસા માં જી. આઈ. ડી .સી. આમ તો ઈન્ડસ્ટ્રીયલ ઝોન તરીકે વિકસિત છે જ્યાં ખાદ્ય પદાર્થ સહિત અનેક ઓદ્યોગિક એકમો કાર્યરત છે તેમ છતાં અહીં શુદ્ધતાની આડશમાં અનેક ભેળસેળ કરતા એકમો કાર્યરત છે જેમાં સૌથી વધુ તેલ અને ઘીનું મોટા પાયે ડુપ્લિકેટિંગ થાય છે તેમાં પણ બ્રાન્ડેડ એવા અમુલ અને સાગર ઘી સહિત તેલ ની તમામ બ્રાન્ડનું મોટાપાયે ડુપ્લીકેટીંગ કરવામાં આવી રહ્યું છે દિવસ રાત ધમ ધમતા આ એકમોમાં દિવાળીના સમયે મોટા પાયે ડુપ્લીકેટીંગ કરી રાતો રાત ટ્રકો મારફત અન્ય રાજ્યોમાં મોટો જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે ગ્રામ્ય વિસ્તારોની ભોળી અને અભણ પ્રજાના આરોગ્યની પણ કોઈ જ પરવાહ કર્યા વિના ઓરીજનલના નામે ડુપ્લીકેટ ઘી તેલ પધરાવી દેવા માં આવે છે આ ડુપ્લિકેટિંગ કરતા લેભાગુ તત્વોને સાથ આપી રહ્યાં છે અન્ય રાજ્યોના વેપારીઓ.જેઓ વધુ નફાની લાલચમાં જન આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડાં કરવામાં આવી રહ્યા હોવાની બાબતની જાણ હોવા છતાં તંત્ર પણ આ પ્રવૃતિને રોકવામાં ઉદાસીનતા દાખવી રહ્યું છે જોકે આ મામલે હરકતમાં આવેલ ફૂડ વિભાગ દ્વારા ડીસામાં અનેક એકમોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું અને શુક્રવારે મોડો રાત્રે જિલ્લા ફૂડ અધિકારીની ટિમ દ્વારા ડીસા જી .આઈ. ડી .સી .વિસ્તાર માં આવેલ તેલની ફેકટરીમાં તપાસ હાથ ધરી હતી.

બનાસકાંઠાના બટાકા નગરી એવા ડીસા શહેરની આગવી ઓળખ આજે ભૂંસાઈ ચુકી છે બનાસ તારા વહેતા પાણીની જગ્યાએ હાલમાં ડુપ્લીકેટ ઘી અને તેલની નદીઓ વહે છે ડીસાની ડી ફોર ડુપ્લીકેટની છબી સમગ્ર રાજ્યમાં કલંકિત થઈ ચૂકી છે અને ડીસાનું નામ પડતા જ સૌ કોઈ ચોકી જાય છે ડીસામાં ખાદ્ય પદાર્થો જેવા કે ઘી, તેલ ,મરચુ ,હળદર , લોટ, ચા, બિયારણ , બીડી સહિતની વસ્તુઓનું મોટા પાયે ડુપ્લિકેટિંગ થાય છે શોર્ટકટ માં રૂપિયા કમાવવાની લ્હાય માં લેભાગુ વેપારીઓ જનઆરોગ્ય સાથે જીવલેણ ચેડાં કરી રહ્યા છે ત્યારે શુક્રવારે જિલ્લા ફૂડ અસગીકારી બી.જી.ગામીત અને તેમની ટિમ દ્વારા ડીસા જી .આઈ. ડી. સી .વિસ્તાર માં આવેલ સુમિત જયેશભાઈ મહેસૂરિયાની તેલની ફેકટરી માં ઓચિંતી તપાસ હાથ ધરતા સ્થળ ઉપર સોયા પ્લુશ રિફાઇન સોયાબીનના શંકાસ્પદ ૩૯ ડબ્બા મળી આવ્યા હતા તેના સેમ્પલ ચકાસણી અર્થે કબ્જે લઈ ૩૯ ડબ્બા જેનો કિંમત ૪૯૫૫૫ રૂપિયા નો સ્ટોક સિઝ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો થી જનઆરોગ્ય સાથે થતા ચેડાં બાબતે ફૂડ વિભાગ ગંભીરતા દાખવી અને તહેવારો ટાણે સઘન ચેકીંગ કરે તે ખૂબ જ જરૂરી છે જેના પરિણામે માનવીય આરોગ્ય અને ધાર્મિક લાગણી સાથે તહેવારોની ગરિમા પણ જળવાઈ રહે તે ઈચ્છનીય છે.